કુસંપ ચીન્હ (અથવા)

સોરઠી સોમનાથ નાટકનાં

ગાયનો

કુમાર શ્રી માધવસીંહજીના આશ્રયથી ઉત્પન
થયની શ્રી ચુડા આર્ય શૃંગાર મણી
નાટક કંપનીના માટે.

બનાવનાર
ખવાસ પુંજા રતના.

છપાવી પ્રસિદ્ધ કરનાર
વીઠલ બેચર
ચુ. આ. શૃં. ના. કં. ના મેનેજર

(આવ્રતી પેહલી નકલ ૧૦૦૦)

અમદાવાદ
સિવિલ હોસ્પીતાલ સામે પાનાભાઇની વાડીમાં
વિશ્વશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ જેકીશનદાસે છાપ્યા

કિંમત બે આના

સંવત ૧૯૫૨ સને ૧૮૯૬

અર્પણ પત્રીકા.

નેક નામદાર શ્રીમંત કુમાર શ્રી માધવસીંગજી

બાહાદુર સ્વસ્થાન ચુડા.

આપના અત્યંત અમારા ઉપરના સ્નેહને લીધે તથા આપ અમોને તન મન અને ધનથી અવધી મદદ આપો છો તથા આપ સંગીત શાસ્ત્રમાં ઘણા કુશળ છો. આશ્રીત જનોને આશ્રય આપી આપ સંતુષ્ટ કરો છો વીગેરે આપ નામદારના ઉતમ ગુણોથી આ લઘુ પુસ્તક આપ કદરદાન માહારાજા સાહેબને હું ઘણા પ્રેમથી અર્પણ કરૂ છું તે ખુશીથી સ્વીકારી તાબેદાર સેવકને આભારી કરશોજી. એજ વિનંતી.

હું આપનો નમ્ર સેવક.

વીઠલ બેચર.

ચુ. આ. શૃ. ના. કં. મેનેજર.

૬૭૮૮૨

કુસપ ચીન્હ (અથવા)

સોરઠી સોમનાથ નાટકનાં

ગાયનો.

વારાંગના— (૧)

ભયહર જયકર સુખકર નરવર અજર
અમર જગ તાત દયાળુ.
સહાય થઇ પ્રભુ દુર કર તાપો, હરી હરો અમ અગણીત પાપો
કષ્ટ નષ્ટ દીન જનના કાપો, કાર્ય સફળ કરવા વર આપો,

ભીમદેવ— (૨)

ધર્મના વીરોધી શોધી મારૂં ઠાર ઠાર.
લાગી છે લાય હાય મુજ હૃદયની માંય;
વીણી વીણી તેઓને ન છોડું તલભાર.
સમશેર કરધરી, આવું જય કરી;
દેશની માંહેથી દુશ્મનોને કાઢું બાહાર.
ધર્મ વીપ્ર ગાય તેને કરવા સહાય;
ધર ધર એવી શક્તિ સોમેશ્વર તું આવાર.

સામંત— (૩)

સમશેરો કર ધરીને
હીમત ધરીને રણુ વીચરીને યુધ્ધમાં ફરીને મારો ખુબ અરીને;
યવનો આજે રણમાં હાળી, દેશ માંહેથી કાઢો મારી;
માહારાજાને મળીને હાં.

ભીમદેવ— (૪)

સુણો શાણા તમે, દુસ્મનો આવે છે આજ દેશમાં;
શુરાઓ અસી કર ધારીને, કરો વીખવા તેઓની નારીને;
શત્રુના દળને વિદારીને.
હર હર નીજ મુખથી ઉચરીને, પટકો પૃથ્વી પર બળ કરીને.
સોમેશ્વરને દીલ સમરીને.

(૫)

સાંભળો સરદારો મારા બળવંતા બાહાદુરો;
આવે યવનો આ દેશે ચડીને તે ઝટ ઝટ.
મદાંધ થઇને ક્રૂર કામ કરવાને કરે;
આપણા દેશમાં અતીશય ખટપટ.
મારી તોડી ફોડી નાંખો શમશેરેથી શત્રુઓને;
પાડો પૃથ્વીની માંહે આજે ચટ ચટ.
હીમત ધરો હોલે ના ડરે', કેસ ગ્રહી કરમાંહે નાંચે ઝાટકો;
દઇ મુચ્છે તાર મારો ખુબ માર, પગે ઝાલી ફેરવી પૃથ્વીએ પાટકો
સર્વ—મગદુર એનો શું છે કરો સટ સટ.

સામંત— (૬)

ધરીને હામ કરવા કામ, ઉભા અમો તૈયાર;
જગત માંહે નામ થાયે, કરવો એ વીચાર.
હામ ધરી નાશ કરો દુસ્મનો તણો,
હણે તેને હણવા મહે દોશ નહી ગણો.
શસ્ત્ર ગ્રહી સર્વ સાથ લ્યો હવે પણો.
ચિરો ચિરો ચિરો કામ કરીને અસો ધરીને;

મારો અરીને તુર્કોને આવાર.

સર્વ— (૭)

શુરા સૌ કરો તૈયારી હીમત ધારી શત્રુ સંહારી;
દળ વીદારી સામંતો આવાર.
ગારી તોડી ફોડી કરો શત્રુનો સંહાર.

ભીમ—ઠાર ઠાર ઠાર થાઓ સુધીરો શાબાશ શુરો.
ધર્મના ધારો ખુશીથી વિરો શોધીને શીરો;
સત્રુના ચીરો ઠાર.

સર્વ— (૮)

જેને પતિ મળ્યો મન માન્યો, તેના સુખની અવધી જાણો;
અરસ પરસ કરે વિનોદ વાતો, દંપતી પર રતિપતિ અતિ ધાતો
મૃગ નેણી બોલે વાણી મીઠી મીઠી.
લટકે મટકે રસને ચટકે.

(૯)

બેની મારી ચાલો બાઇ પાસે જઇએ;
પાસે જઇએ પુછી લઇએ.
ગુપ્ત જગ્યો ક્યાં ગોતી રાખી છે તે થકી જાણીતાં થઇએ.
શું આ વાત બની સૌ સાચી બાઇ કને બીના કહીએ.

(૧૦)

ચાલ પ્રીએ સખી રમત ગમત હળી મળી કરીએ આંઇ;
પ્યારી પ્યાર વધ્યો અંગ જાગ્યો જુઓ કેવો રંગ.
બેન જુઓ મનહર અતી રચના રચી ભરપુર;
અંગ ઉમંગ ધરી અને હર્ષે બની ચકચુર.

પડે નહી ઠીકો સાથે પગ મુકો તાલ નહી ચુકો.
નાચો કુદો સૌ તમે ખેલો ખેલ સુખકાર;
સૌ સૈયર સાથે રમો થેઇ થેઇ થેઇકાર.
જોઈ જોઇ ચાલો મદ માંહે માલો લ્યો ખુબ લહાવો;
મુજ અંગ ઉછરંગ કરો સંગ છે ઉમંગ,
પ્રીતેથી રીતેથી કરીએ ધરીએ રમત રમીએ સનનનનન છુમ

રાણી— (૧૧)

શું ધીમો વાયુ વાએ અંગ માંહે આનંદ થાયે;
રૂડી વૃક્ષ હારો શોભે, તેથી મુજ મન તો લોભે;
ઇંદ્ર જેવા સ્થળ જોઇ થોભે, સોભે લોભે થોભે
ખીલી ખાસી વેલા વેલી વૃક્ષો નીરખી બનતી ઘેલી;
વેલી ઘેલી.

દાસી— (૧૨)

રે જુઓ જુઓ જુઓ આ બહાર;
શું આ વાર ખીલ્યા ફુલો બાગમાં અપાર.
આંબ વૃક્ષ પર શું આ વેલો ઝુકી રહી છે મનહર કેવા;
અહાહાહાહાહા આવે હૈયા માંહે સખી પ્યાર.

રાણી— (૧૩)

મનહર પુષ્પો આવારરે હાર ગુંથવો મારે (૨)
સુંદીર પુષ્પો છોડ પરેથી લઇએ ગુંથવા હારરે;
ખીલેલ ખુસ્બોદાર આ કળીઓ તેથી દીસે બહુ બહારરે.
પ્રાણપતિના કંઠે આરોપું, સુંદિર પુષ્પોની માળરે,

રાણી— (૧૪)

અરે અવીનાસી અરજ ઉર ધરજો.
યવન કેરૂ મોટું જોર છે, મનમાં તેને મોટું તોર છે.
બળહીણ તેમનું કરજો.
શત્રુ કેરો નાશ કરીને, જય આપો પ્રભુ કૃપા ધરીને;
વિઘ્ન સર્વ તમે હરજો,
સ્વદેશ કેરી સહાયે રહેજો, કળ બળને વળી હિંમત દેજો,
સબળ બળ કર ભરજો,

દાસીઓ— (૧૫)

લડવું લડાઈ માંહે એ ક્ષત્રી કેરૂં કામ,
યુધ્ધની માંહે સત્રુની સનમુખ બતાવે જે નીજ હાથ;
સાચો ક્ષત્રી તેહને જાણો નહીંતર લજવી માત;
તેણે દુનીઆમાં રહીને બોળયું નીજ નામ.

પ્ર૦— (૧૬)

હાય હાય હીંદુઓમાં જુલમ શું જણાએ;
જુલમ શું જણાએ પૈસે પુત્રીઓ વેચાએ.
દામ લઇ ઠામ ઠામ દીકરી દેવાએ;
કસાઇનુ કામ કરી સીધ શેઠ થાએ.
દસ વરસની દીકરી સીતેર વરસનો સ્વામી;
જોડું નહીં મળતાં થાય જારમાં તે નામી,
હે હરી આ હીંદુઓમાં હવે હદ થાએ;
જોઇ ક્રૂર કૃત્ય અંગમાં ઉઠે છે લાએ.

ક્ચનીઓ— (૧૬)

સુખકારી સદા તમ સરદારી, છો નેક ન્યાઇ ભુપ;
સર્વ રૈયતપર સમ દ્રષ્ટી છે, સદગુણ તણા છો કુપ.
પરમ પવીત્ર ધર્મ પાળો છો, ધરી ધર્મનુ રૂપ,
ગૌ બ્રાહ્મણ પ્રતી ધર્મ ધરોછો આપની કીર્તી અનુપ.

બાપ્પદેવ— (૧૮)

લાયરે હાય લાગી આજ અંગે ભારી. વાખ સમાન વાકયને ધારી.
લાયરે, થાય રે, માર મારી દેશ બાહાર કાઢું હું અરી.
ક્ષત્રીઓનો ધર્મ જુઓ તમે વીચારી;
માટે યવનોને મારે કાઢવા મારી;
ચાહુછું ચાહુંછું કીર્તી હું પ્યારી, નેક ટેક નહીં છોડુ કદી હું મારી.

સેના— (૧૯)

તે નહીં (૨) કદીએ થાએ ભલે જીવ યુદ્ધમાં જાએ;
જે લડે નહીં સનમુખ કદી માને મનમાં દુઃખ;
તેણે માત લજાવી કુખ, ભલે ભલે યનારૂં થાય, જીવ કદી જાય
લાજે નહીં માએ
તેમાં નહી કરો વીચાર, ઝટ થાઓ આપ તૈયાર;
મારો શત્રુને ખુબ માર, કરો કરો સધ્ય એ કામ ધરીને હામ;
કહી દયો હાએ.

સામંતો— (૨૦)

વારંવાર વીચાર કરો શું એમાં શું છે મોટું કામ;
દેશને માટે દૂખ વેઠવા એવી હીંમત ધરો તમામ.
હામ હોય હૈયામાં જેને તે લેજો લડવાનું નામ;

લડાઈ પછી પ્રગટાય.
ભરતખંડના ભયને ટાળો પ્રભુ કર તું સંપ વધારો;
આર્યો સુખી થાય.

(૪૮)

કેમ બનો છો હવે નાદાન, રાખો શું ગુમાન શું ગુમાન શું ગુમાન.
સુલતાન સામે રહી રમસેરો હાથ હાથ ગ્રહી.
બતાવો છો મોટું જોર, મોઢેથી કરીને શોર;
ચાલ્યું ગયું ક્યાં એ આજ અભીમાન.

વિજય— (૪૯)

છોડો છોડો તેઓને અરે, શર્ણું આવ્યા માટે ઉગારો;
હવે પછી નહીં એવું કરે.
શરણુ ક્ષત્રીને જે કો આવે, ધરમ પાળવા તેને બચાવે;
બીરદ પાળવા તેતો ધાવે, ખટપટ તેઓ નહી કરે.

બ્યસનીલાલ— (૫૦)

આહાહા મજેનું કામ દારૂ પીવામાં આરામ;
વાહ વા વાહ વા વાહવા વાહ વા ઓહોહોહો
દારૂ પીને ને મોજ મારાએ બની ફાંકડા છેલ.
રોફ મારીને રોજ ચાલીએ કરીએ રેલમ છેલ હોહોહો,
ઘરમાંહેથી પૈસા કાઢું ફટ ફટ ફટકાવી.
દારૂ માંહે દામ સધળાં દઈએ ખુબ ઉડાવી. હો હો હો.
દારૂ પીવા દર રોજ જઈએ ખુબ ખુશાલી કરીએ.
થોડો ઘણો લઈ સીસામાં ઘર તરફ તો ફરીએ અહોહો,

છોકરા— (૫૧)

હળીમળી અહા શી મજા કરે, શું જોડું મળ્યું છે આજ ખરે.
ઉંચ કુળ માંહે આવા કલંક કપુત કરે, આવાથી પ્રભુ પણ પાછા ફરે
દીલમાં ઉઠે છે દાઝ, મારો મારો એને આજ.
પગ માંહે શીષ ધરૂં;
ફરી આવું નહીં કરૂં,
માથું મુંડી ચુનો ચોળી ગામમાંહે ફેરવીને શોખ કરો શેહેરમાં ચડી ખરે

મનુ— (૫૨)

જુઓ જુઓ આ જમાનાનો રંગ (૨) ઉંચ થઇ કરે નીચનો સંગ;
ગાંજો સુકોને દારૂ પીએ છે ઓછાગાં પુરી ઉડાવે તે ભંગ.
સ્રી લંપટ બહુ વીદવાનો બનતા દીલમાં ધરીને અતીશય ઉમંગ.
કોઇ તણી નહીં બીકજ ધરતાં અચોખી જગોએ મલે પડે અંગ,
આર્ય ભુમીમાં એક પ્રગટવા પ્રભુજી આપો એવો પ્રસંગ,

છોકરા— (૫૩)

આવો આવો તમે કહું વાત હું આવાર;
કહો ખુશી થઈ યાર સમજાવો તેનો સાર વાત તારી ગમે. (૨)
પીતા જશે રણુ વીશે,
યાર ધરી પ્યાર કરો યવનો ખુવાર.
ખુબ મારો તેને માર હીંદુને દમે (૨)
ભલે ચાલો જઇએ ભ્રાત મેં માની તારી વાત,
શું છે એની વીસાત અરે આ સમે (૨)

(૫૪)

તુરકને વીણીને મારો દીલમાં એવા વીચારો;

પળમાં બળમાં કળમાં છળમાં વાવરો સઘ સમશેરો.
મલેચ્છો હાથથી હણુવા કદી એ દોષ નહી ગણુતા;
મારો મારો ઝટપટ યારો લાવવો તેઓનો આરો.
જગતમાં રાખવાને નામ કરવુ આપણે એ કામ;
કરવી ઘાતો મારી લાતો પોહોચાડો યમને ધામ.
કરવી આજ તૈયારી કરવા શત્રુ ખુવારી;
ઝટ ઝટ ફૂટ ફૂટ મારો ચટ ચટ રહયા શું એમાં વીચારી;

અંક ત્રીજો.

હિંદુઓ— (૫૫)

હે પ્રભુ પરાત્પરા અખીલ આપ ઇશ્વરા સર્વ સૃષ્ટીમાંછો જગ્તેશ્વરા;
દુષ્ટને વીદારનાર ભકતને ઉધ્ધારનાર માટે અમો શર્ણે રહીએ તાહરા
જય જય જય કરો આ હિંદુનો પાપ આ અમાપ કાપવું.
હસ્ત જોડી નામીએ (૨) દાસ પર દ્રષ્ટી કરો ભુધરા.

(૫૬)

મહેર કરો સદા શંભુ સૌપરે યવનોનું છે બહુ જોર;
યવન અસુરને નાંખો મારી સહાય કરજો તમે ત્રીપુરારી.
ઇ શ્વ ર ની સે વા ની ત્યે ક રી એ પ્રી તે થી આ.

મુ. છો.— (૫૭)

બસ બસ છોડ મુરખ નાદાની સાચે સાચુ માની;
પૃથ્વી રસાતાળ જાય ભલે પણ પ્યારી આ તારી કદી નહીં થાય;
મારે માન કહ્યું મુજ મુરખ છોડ હવે તુજ હેવાની;
આપું મારો જાન તુને હું પણ નહીં સરસે તારૂં કાજ;

અરે નાદાન માન કહ્યું તુજને નહીં તુજ સાથે રહેવાની.

(૫૮)

સઠ ઝટ હડ હડ નફ્ફટ તું નટખટ ઝટપટ દુર થા.
ચાલ ચાલ તને કહું છું હું, પાપી પરો રહે મુખથી બોલેછે શું.
મુર્ખ મતી મુઢ તું મુખશું બતાવે નહીં તો હાથથી હું તને સમજાવું,
અહીંઆ મુજને તું જો સતાવે સમજ સમજ તારી ઘાત કરૂં હું.

મનુ— (૫૯)

ક્ષત્રીઓનું તેજ જાણો જરૂર તો જાતું રહ્યું;
કબજામાં કીલો કીધો શત્રુએ આવી લીધો;
માર્ગના રસ્તો સીધો દૈવત સૌ ચાલ્યું ગયું;
હામ હઇયામાં જે હતી કામ આવી નહીં રતી.
વીમુખ થયો વીશ્વપતી આ એકાએક શું થયું.
સોમેશ્વરનો નાશ થયો ઉમંગ સઉ જાતો રહ્યો;
પ્રભુ આ શો કેર કર્યો બાંહે તો તારૂં ગયું.

સ— (૬૦)

સમયાધીન થઇ રહેવું સર્વને ભલે હોય કદી પડતી,
સુખ દુઃખ વાદળ કેરી છાંયા આવે વારા ફરતી;
એવી છે જગતી પ્રભુના ઘરની એજ રીતી.

છોકરા— (૬૧)

ધન્ય દીવસ આજ આનંદકારી વાત સુણી ખુશીછું હું આવારી;
હર્ષથી દીલ પ્રફુલીત ભારી પ્રભુએ સહાય કરીછે અમારી.
ઇચ્છા પુરી પ્રભુએ આજ સારી જવા માટે કરો તમે તૈયારી;
મારો સત્રુને હાથે અસી ધારી યવનનોની કરવા છેજ ખુવારી,

ચાલો જઇએ બાગજ લઇએ,
મારવા માર શોધીને સાર;
ખાવા મેવા અમુલ્ય એવા,
લાભજ લેવા દંડજ દેવા;
હીમત ધરવી વાર ન કરવી.

પુ છોડી— (૬૨)

આ શો કોપ કીધો કીરતાર દશા શું મારી કરી,
સપડાવી શત્રુને હાથ દયા દીલે ના ધરી;
હવે કરવો શો ઉપાય સુઝે નહીં મુજને,
હરી હાથ ગ્રહો મુજ આજ કહું છું તુજને.
મુજ માત પીતા હશે ક્યાંય દશા શું તેમની,
છુટી પાડી લાવ્યો મુને આંહી ખબર નથી એમની,

ચત્ર— (૬૩)

નાચેંગે નાચેંગે યારો કુદેંગે કુદેંગે હમ;
મસ્ત બદનમે હે હમ યારો ઓર કીસીસેં હે નહીં કમ,
અહાહા કેસી લીઝત અહોહો કેયેસી લીઝત;
ઓ પ્યારી મેરી આ અબ બોસા દે (૨)
ચલ દે દે ચલ દે દે.
ઓ જાની ઓ જાની દીલમે ક્યું ડરતી દીવાની હે;
હો દીલમે ખુશ હો દીલમે ખુશ ડરના નહીં કુચ્છ ડરના નહી કુચ્છ.

પુ. છો— (૬૪)

ધીક ધીક તુને જારી આ વાર, આજ યમપુરી માંહે;
તને પહોંચાડુ હું ત્યાં કુ નીશ્ચે જાણુ મનમાંહે હવે ભાગી જસે ક્યાં.

એ નીચ નીરમાલ્ય મને ચડયો ભારે કાળ કાળ;
ન્યાળ ન્યાળ મારૂં એક ફાળ તને પહોંચાડું પાતાળ;
નીશ્ચે તને નાંખુ મારી.

(૬૫)

જુઓ આંખે આંધળા થયા છે આ ઇશક મંહી;
જોર જુલમથી બાઇ બેનોને પકડી પાડે છે તે દમ દઇ;
આબરૂ ઉપર હાથ નાંખે છે જુવે નહી તે તો સહી.

વારાંગનાઓ— (૬૬)

આલી બરખા રૂતુ સીરપે આઇ પીયાકા સંદેશા આવત નાંહી;
પાપી પપૈયા પીયા પીયા બોલે સબ સખી પીયા ગલે બાંયડાલડોલે
બીરહ બીરહકી આગ લગીહે પ્રીતમ પાસ;
મીલને ખાસ દીલ હુલાસ હમરી આસ.
દીલમે હરદમ રહેતી ભારા.

ભીમદેવ— (૬૭)

હાય જુલમ જુલમ થયો છે ભારી;
કૃપાનિધી વીનંતિ ધરજોરે;
દયા ધરી દુખને હરજોરે.
ઝાળ ઉરમાં મને થાયે અપારી રાત દીવસ વાતો બધી વીચારી;
ગજબ કીધો અરે જગતાત અજબ અજબ છે આ વાત.
ઘાત કીધો અહંકાર એણે ધારી.
ધર્મ ખંડન કર્યું છે દુષ્ટ આવી હાલમાં હણી હીંદુને ગયો ફાવી
તેણે કીધો છે કાળો કેર એને પકડી વાળવું વેર;
સહાય કરજો અમને ઓ ત્રીપુરારી.

સેનાપતી— (૬૮)

દીલના વીચારો હવે દુર કરશો;
સારા વાના સૌ ઇશ્વર કરશે માહારાજા હર્ષ ઉર ધરશો (૩)
યુધ કરે હવે નહી જીતીશું, દુર રહી તને હણુશો (૩)
રૈયત કેરી રક્ષા કરીને દૂખ તેઓના હરશો (૩)

લશ્કર— (૬૯)

હુકમ આયા હજુરમેંસે સબકુ સજ હોના આજ;
કરકે કામ લેના ઇનામ જાવે નહી અપની લાજ.
ક્યું અબદુલ કયાહે નજુલ ફૈફુણે ફૈ ખાં કહાં ગયે,
યહ બંદાકું કયા કેતે હો, બહાદરખાં અબ કહાં રહે;
ચલો ચલો તુમ કહાં ગયેથે કૌન જગોપેં ઠેર રહેથે.
સુલતાન પાંસમે ગયાથા હુકમ સુનને ઠેર રહાથા,

લશ્કર— (૭૦)

કાટો કાટો તુમ હીંદુ હેવાનકો, હીંદુ હેવાનકો મારો નાદાનકે;
નાબુદ નામ તુમ કરો કાફરકા, ગુલામ કરો સબ એસે બેઇમાનકો
કુફર તોડો તુમ એસે નફરકા, પકડ ઝકડ ઉતારો ગુમાનકો,
બુત પરેસ્તી બંધ કરાના, કલમા પડાવો એસે સેતાનકો,
કલમા કબુલ નહીં કરે કાફર તબ, જોર જુલમ કર નીકાલો જાનકો

તાયફા— (૭૧)

સૈયાં તોરે પૈયાં લાગું બૈયાં ના મરોર.
અપની કહત ના સુનત કછુ મોરા, દેખા બારાજોરી ડારીમોરી બૈયાઝકઝોરી
મેં બ્રજનારી તોરી દેખી ચતરાઇ તોરે ચીત્રા બીન લાગી ચૌ ઓરસેં મોરી
આલી, મધુર પીયાસે કછુ બસના ચલત તોરી બીનંતીકરત હરદમ કરજોરી

(૭૨

કહીં દેખારે યારો મેરા સનમ મેરા સનમ અજી મેરા સનમ;

મેરે સનમકી પહેલી નીશાની કાલીસી જુલ્ફોપે ગોરા બદન.
મેરે સનમકી દો દો નીશાની સીરપર હે ટોપી ઉડાતા પતંગ.
મેરે સનમપે કુરબાન જાઉં પતલી કમર લંબી ગરદન.

મનુભા— (૭૩)

ધીક ધીક એ ક્ષત્રી (૨) હુ એવું ધારૂં.
ક્ષત્રી થઇને શર્ણુ હું જાઉં, બળ્યું જીવતર મારૂં.
તુર્કની સાથે વહેવાર રાખે, તેને હુંતો ધીકારૂં.
માટે એ કામ મુજથી ન થાએ, ભલે થાએ થનારૂં.

લસ્કર— (૭૪)

ચાલો ચાલો યારો ડરો નહીં દીલમાં હીંમત સર્વે રાખો યાર;
મુખથી બોલો હર હર હર સત્વર ચાલો શુરવીર નર,
ચાલો ચોંપે ઝટ ઝટ ઝટ પાડો શત્રુ પટ પટ પટ.

સર્વ પાત્રો— (૭૫)

ઉમંગ ઉમંગ ઉમંગ (૨)
પાપનું ખંડન ધર્મનુ મંડન કરી રાખ્યો છે રંગ;
ઇશ્વર આર્યોમાં રાખો સંપ મેહેર કરી કાઢી કુસંપ.
હળી મળીને બેસે સર્વ આપ એવો પ્રસંગ,
ધર્મનો આખર છે વીજય સહાય કરી લ્યો છે ભય,
ધન્ય ધન્ય પ્રફૂલીત થયા છે પ્રભુ પ્રતાપે અંગ.

સમાપ્ત.

જાહેર ખબર.

સફરહુ ખેલની ચોપડીઓ નીચે લખેલે ઠેકાણેથી મલ-
શે. બીજા ખેલની ચોપડી થોડા રોજમાં બહાર પડશે.

ચુડા—ખવાસ રામજી બેચર,

લીબડી—ખવાસ પુંજા રતના.

ધોળકા—શા. અમથાલાલ નથુભાઇ અફીણના એજંટ.
તથા રા. રા. ડાહ્યાભાઇ ગીરધરલાલ શબરજીસ્ટ્રારના
કારકુનને ત્યાં તથા ઇંગ્રેજી સ્કુલના હેડ માસ્તર
ગીરધરલાલ બાપાલાલને ત્યાંથી.

ઉપર લખેલે ઠેકાણેથી જેઓ સાહેબોને જોઇએ તેમણે
રોકડી કીંમતે મંગાવી લેવી ટપાલ ખર્ચ અરધો આનો વધારે
મોકલવો વધારે પ્રત લેનારને કમીશન આપવામાં આવશે.

વિઠલ બેચર.

ચુ. આ. શૃં. ના. કં. મેનેજર.